જલારામ મંદિરે ભગવાનના મોસાળમાં ૪૦૦૦ ભાવિક ભકતો પ્રસાદ પિરસાશે

ગાંધીનગર, તા.૧૦

અષાઢી બીજના દિને ગાંધીનગરમાં નીકળનાર ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા બપોરે પ્રસાદ અને વિરામ માટે સે-૨૯ જલારામધામ મંદિર ખાતે પધારશે. જયાં ૪૦૦૦ જેટલા ભાવિ ભકતો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવશે.

જલારામ સેવા સમાજ તરફથી મંદિર ખાતે ભાવિકો માટે ૧૦૦ કિલો શુદ્ધ ઘીનો મોહનથાળ, ૨૫૦ કિલો ચોખા, તથા ૧૫૦ કિલો મગદાળની ખીચડી, ૫૦૦ કિલો બટાકા-વટાણા અને ટામટાનું શાક તેમજ ૧૦૦૦ લીટર ઠંડી છાશની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ધાર્મિક કાર્યક્રમમાં સહભાગી થવા સમગ્ર ધર્મ પ્રેમી જનતાને પધારવા સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

મીઠી ખારેક - ચોમાસાના ફળ બજારમાં ઉભરાવા લાગ્યા છે... ચોમાસુ ભલે મોડુ-વહેલુ હોય પરંતુ તેના ફળ તો શહેરના બજારમાં જામ્યા છે... ખારેક આયુર્વેદિક દષ્ટિએ પણ ખૂબ મહત્વનું ફળ છે... તાજી ખારેક અને સુકવાયેલી ખારેક બંનેનો મહિમા છે... આજકાલ તાજી ખારેક લોહી શુદ્ધિકરણ અને હિમોગ્લોબિન વધારવા ખૂબ મહત્વની ભૂમિકા અદા કરે છે... અને તબીબો ખારેક માટે ભલામણ કરે છે...

ગાંધીનગરમાં કૉલેજ ઓફ ફિઝિયોથેરાપીને મંજુરી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સેક્ટર-૧૨ સ્થિત નર્સીંગ કોલેજના કેમ્પસમાં ફિઝિયોથેરાપી કોલેજ આરંભાશે : સરકારે ૭૦ જેટલી બેઠકો મંજુર કરી મેનેજમેન્ટ કવોટાને સ્થાન નહી : શહેરના દર્દીઓ માટે ફ્રી ઓ.પી.ડી. સેવા અપાશે

ગાંધીનગર તા ૧૦

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સેક્ટર-૧૨ સ્થિત નર્સીંગ કૉલેજ ખાતે નવા શૈક્ષણિક સત્રથી ફિઝિયાથેરાપીનો નવો કોર્ષ શરૂ કરવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા આ અભ્યાસક્રમ માટે ૭૦ બેઠકોને મંજુરી આપવામાં આવી છે. જયારે સંસ્થાકક્ષાએથી કર ભલા હોગા ભલા ના સિધ્ધાંતને ધ્યાને લઈ મેનેજમેન્ટ કવોટાની એક પણ સીટ રાખવામાં ન આવી હોવાનું પણ જણાંવાયુ છે. આ સેન્ટરના આધારે શહેરના દર્દીઓને વિના મુલ્યે સારવાર પુરી પાડવામાં આવશે.

ગાંધીનગરમાં શિક્ષણક્ષેત્રે કડી સર્વ વિદ્યાલયનુ વિશેષ યોગદાન રહયુ છે. જયાં હાલ કે જી થી પી જી સુધીના વિવિધ અભ્યાસક્રમમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે છગનભાના વિચારોને આગળ વધારી શિક્ષણ ક્ષેત્રે સમાજને ઉમદા સેવા પુરી પાડવાનું કામ કર્યુ છે. જેમાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. શૈક્ષણિક સેવા ક્ષેત્રે સંસ્થાનો વ્યાપ વધી રહયો છે. જયારે કેળવણી મંડળ દ્વારા આ શૈક્ષણિક સત્રથી ફિઝિયોથેરાપીનો અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવનાર છે.ચંચળબેન મફતલાલ પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરાપી શરૂ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

મારા પ.પૂ. પિતાશ્રી **જેસીંગભાઈ બીજલભાઈ ઝાલા (રીટા. પોસ્ટ માસ્ટર-ગાંધીનગર)**નું દુ:ખદ અવસાન તા. ૪/૭/૨૦૧૫ને શનિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૨/૭/૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

પ્લોટ નં. ૯૫૫/૨, સેક્ટર-૨/સી, ગાંધીનગર

જ્યોતિકાબેન જે. ઝાલા (પત્ની) **કિર્તીકુમાર જેસીંગભાઈ ઝાલા (પુત્ર)**
કૈલાસબેન સી. ધોળકીયા (પુત્રી) **ભારતીબેન કે. ઝાલા (પુત્રવધુ)**
ઉષાબેન એન. સોનારા (પુત્રી) **ચિંતનકુમાર કે. ઝાલા (પૌત્ર)**
વૈભવકુમાર કે. ઝાલા (પૌત્ર)

બેસણું

અમારા ભાઈ **સ્વ. નારાણભાઈ આત્મારામદાસ પટેલ** તા. ૮/૭/૨૦૧૫ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૩/૭/૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પાટીદાર વાડી નં.૧, પટેલ ભાગોળ, મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર

લી.

ચમનભાઈ આત્મારામ પટેલ (ભાઈ) બળવંતભાઈ નારણભાઈ પટેલ (પુત્ર)
રામાભાઈ આત્મારામ પટેલ (ભાઈ) રસિકભાઈ રામાભાઈ પટેલ (ભત્રીજો)
વિજયભાઈ રામાભાઈ પટેલ (ભત્રીજો) જૈમીનકુમાર બળવંતભાઈ પટેલ (પૌત્ર)

બેસણું

મારા પૂજ્ય પિતાશ્રી **સ્વ.પટેલ સુમનભાઈ નારણભાઈ** તા.૬/૭/૧૫ ને સોમવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. **સદ્દગતનું બેસણું તા.૧૨/૭/૧૫ નો રવિવાર ના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- રંગમંચ, સેક્ટર - ૨૪, ગાંધીનગર.
મો. ૯૯૦૯૯ ૮૬૦૩૯, ૯૭૨૫૮ ૮૩૬૮૩

લી. પટેલ મનીષકુમાર સુમનભાઈ

સરગાસણ ખુન કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા

માત્ર સામાન્ય મશ્કરીના મામલે પાવડો મારી મોત નિપજાવ્યુ હતું

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામની સીમમાં એક વ્યકિતને માથાના ભાગે પાવડો મારી હત્યા કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આરોપીને દંડ પેટે રૂપિયા ૫ હજાર ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર જિલ્લાના સરગાસણ ગામની સીમમાં સ્થિત સ્વાગત એફોર્ડ સામે આવેલી મજુર કોલોનીમાં ખોલી નં - ૧૮ માં આરોપી મગન જયંતિભાઈ ફેરાએ તા ૪ જાન્યુઆરી વર્ષ ૨૦૧૪ના રોજ નજીવી બાબતે મજાક મસ્તીમાં ઉશ્કેરાઈને હુરમાજી પ્રમાજી રોથને માથાના ભાગે પાવડો મારી દિધો હતો. જેના લીધે તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના અંતે તેમનું મોત નિપજયુ હતું. આ મામલે સેકટર -૭ પોલીસ સ્ટેશને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે આરોપી વિરુધ્ધ ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસ બીજા એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે સામાન્ય મશ્કરીના મામલે આરોપીએ નિર્દાષ માણસનું

● અનુસંધાન પાન-૭ પર

શહેર-જિલ્લાના કલાકારોની ડિરેકટરી તૈયાર કરાશે

સંસ્કૃતિ સંસ્થા દ્વારા સ્થાનિક કલાકારોને એક છત્ર નીચે લાવવા તથા પ્રોત્સાહિત કરવા ૩૦૦ પાનાની ડિરેકટરી તૈયાર કરાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લાના કલાકારોને એક છત્ર નીચે લાવવા વિશેષ પ્રકારની ડિરેકટરી તૈયાર કરવામાં આવશે.નગરની સંસ્કૃતિ કલા સંસ્થા દ્વારા આ ડિરેકટરી પ્રકાશિત કરાશે. જેમાં રંગમંચલક્ષી કલાના નેજા નીચે નાટક અને નૃત્ય ક્ષેત્રના કલાકારોની ટુંકી વિગતો તસવીર સાથે મુકવામાં આવશે.

સંસ્કૃતિ કલા સંસ્થાના પ્રમુખ રમેશ પટેલે આ અંગે વિગત આપતા જણાંવ્યુ હતુ કે સંસ્થા દ્વારા શહેર અને જિલ્લામાં વસતા હોય તેવા કલાકારોને એક છત્ર નીચે લાવવા માટે ખાસ પ્રકારની ડીરેકટરી તૈયાર કરવામાં આવશે. વર્ષ ૨૦૧૧માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી સ્થાનિક કલાકારોને પ્રાત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જયારે હવે કલાકારોની ડીરેકટરી તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમણે આ અંગે વધુમાં વિગતો આપતા જણાંવ્યુ હતુ કે આ ડિરેકટરીમાં નિયમિત ઉદઘોષણા કરતા કલાકારોની વિગતો પણ સમાવી લેવામાં આવશે. આ ઉપરાંત લલિતકલા ક્ષેત્રમાં ચિત્રકળા શિલ્પકલા તેમજ છબીકલાના કલાકારોને સ્થાન આપવામાં આવશે. વધુમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા માટીકામના કલાકારાને પણ ડીરેકટરીમાં સમાવી લેવામાં આવશે. જયારે આકર્ષક સ્વરૂપે તૈયાર થનારી આ ડીરેકટરીમાં નગરની કલા

● અનુસંધાન પાન-૭ પર

મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલુ કરીએ

જુલાઈ ડેન્ગ્યુ વિરોધી માસ ઉજવણી - ૨૦૧૫

૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
૨) આ રોગના મચ્છરો ચોખ્ખા, બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા-ખાબોચિયા દૂર કરીએ.
૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
૯) ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામા ટાયરો તથા કાટમાળનો નાશ કરવો.
૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુલર-ફ્રીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવા.

મેલેરીયા શાખા
જિલ્લા પંચાયત, ગાંધીનગર

પરિવર્તન પેનલના ઉમેદવારોનો ટૂંકમાં પરિચય

નિશાન : ઘોડો



આપનો કિંમતી અમૂલ્ય અને પવિત્ર મત પરિવર્તન પેનલના નિશાન "ઘોડા" ને આપી-અપાવી આભારી કરશોજી...

અશોકભાઈ જી. પટેલ — ક્રમાંક નં.૧

ગાંધીનગર તાલુકાના જાખોરા ગામના વતની પૂર્વ ગાંધીનગર જીલ્લા પંચાયતના કર્મચારી તથા હાલ પ્રમુખ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ તથા લાયન્સ કલબના સભ્ય તથા સામાજીક તથા ધાર્મિક કાર્યકર તરીકે સેવા આપી રહેલ છે.

શૈક્ષણિક ક્ષેત્રે હાલ પી.એમ. પટેલ શૈક્ષણિક સ્કુલનું સુંદર સંચાલન કરી રહ્યા છે. તથા ગાંધીનગર નાગરિક બેંકના પૂર્વ વાઈસ ચેરમેન તરીકે સેવા આપી ચુકયા છે. બહેરા-મુંગાના બાળકોની પ્રવૃત્તિઓમાં યોગદાન આપી રહ્યા છે. તેઓ કુદરતી હોનારતોમાં સમાજમાં ખડેપગે સેવાઓ આપી રહ્યા છે.



અશોકકુમાર આર. પટેલ — ક્રમાંક નં.૨

ઘનશ્યામ કે. પટેલ — ક્રમાંક નં.૪

ચંદ્રકાન્તભાઈ સી. પટેલ — ક્રમાંક નં.૫

જયંતિભાઈ એમ. પટેલ — ક્રમાંક નં.૬

તેઓ વ્યવસાયે કોન્ટ્રાક્ટર છે. અભ્યાસ - બી.એસ.સી. (કેમેસ્ટ્રી) સાથે સ્નાતક છે. ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.માં ૩૨ વર્ષથી ડિરેક્ટર છે.

નરેન્દ્રભાઈ એમ. શાહ — ક્રમાંક નં.૭

પ્રવિણકુમાર ડી. પટેલ — ક્રમાંક નં.૮



મનુભાઈ બી. પટેલ — ક્રમાંક નં.૧૧

લાલસિંહ કે. વાઘેલા — ક્રમાંક નં.૧૨

વિક્રમકુમાર કે. પટેલ — ક્રમાંક નં.૧૩

વિપુલભાઈ આર. પટેલ — ક્રમાંક નં.૧૪

વિષ્ણુભાઈ આઈ. પટેલ — ક્રમાંક નં.૧૫

ગાંધીનગર જિલ્લાનાં શેરથા ગામના વતની અને ગાંધીનગર શહેરમાં ૩૫ વર્ષથી વસવાટ ધરાવતાં સરકારી કર્મચારીઓના સર્વમાન્ય, લાડીલા નેતા છેલ્લા ૩૪ વર્ષથી સરકારી સેવામાં ફરજો બજાવી સાથો સાથ કર્મચારીઓનાં સેવાકીય પ્રશ્નો પ્રત્યે સજાગ રહી યોગ્ય કક્ષાએ રજુઆતો કરી પરિણામો મેળવેલ છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ તરીકે સફળ સેવાઓ આપી હાલમાં ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિનાં અધ્યક્ષ સચિવાલય કેડીટ સોસાયટીમાં ૨૧ વર્ષથી ડિરેક્ટર તરીકે કાર્યરત છે. અગાઉ ગુજરાત રાજ્ય કર્મચારી કો.ઓ. બેન્કમાં વાઈસ ચેરમેન તરીકે સેવાઓ આપી ચુકયા છે. આમ બહોળા વહીવટી અનુભવ ધરાવે છે. તેમજ નેતૃત્વનાં ગુણો તેમનામાં સારા છે. કર્મચારી આલમમાં એક અવાજે કર્મચારીઓ વિષ્ણુભાઈ પટેલ સાથે હંમેશા ઊભા રહેતાં આવ્યા છે.

હિમાંશુ વી. પટેલ — ક્રમાંક નં.૧૬

નિશાન : ઘોડો

પરિવર્તન પેનલના ઉમેદવારના ક્રમાંક નં.

૧ ૨ ૪ ૫ ૬ ૭ ૮ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

પરિવર્તન પેનલની રેલી તા. ૧૧-૦૭-૨૦૧૫, શનિવારે સવારે ૮.૦૦ કલાકે અક્ષરધામ મંદિરથી નિકળશે.

ચૂંટણી તા.૧૨-૦૭-૨૦૧૫, રવિવાર ● સવારે ૮.૩૦ થી ૫.૦૦ કલાક સુધી ● સ્થળ : સરકારી માધ્યમિક શાળા, સેક્ટર-૧૬, ગાંધીનગર. ● નોંધ : દરેક સભાસદે ૧૩ મત આપવા ફરજીયાત છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com